મોડાસામાં ૪૩ ડિગ્રી તાપમાનથી રાહત મેળવાવા એક પરિવાર ગળનારામાં આશ્રય લીધો હતો. અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી તાપમાનનો પારો ઉંચકાતા અને વાદળછાયુ વાતાવરણ રહેતા અસહ્ય ઉકરાટ અને બફારાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગરમીથી બચવા એસી,પંખા, એરકુલરનો સહારો લઈ રહ્યા છે. ત્યારે આજે મોડાસા શહેરમાં ૪૩ ડિગ્રી તાપમાનમાં ગ્રામ્ય વિસ્તારમાંથી કામકાજ અર્થે આવેલા પરિવારે અસહ્ય તડકા અને ગરમીથી બચવા શહેરના માલપુર રોડ પર આવેલી આઈ.ટી.આઈની બાજુમાં વરસાદના પાણીના નિકાલ માટેની ગટર યોજના માટે રખાયેલા ગળનારામાં આશ્રય લઈ નિરાંતે બાળકો અને પરિવારજનો સાથે વાતોમાં મશગુલ બનેલો દ્રષ્ટિમાન થાય છે. તડકો ઓછો થતા પરિવારનો મોભી પરિવાર લઈ રવાના થયો હતો.

માલપુર તાલુકાના ખાતે પીપરાણા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

માલપુર, તા. ૨૭

રાજ્ય સરકાર દ્વારા પારદર્શક સંવેદનશીલ અને વહીવટીતંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી પ્રવર્તમાન વહીવટીતંત્રમાં વધારાની વ્યવસ્થા તરીકે રાજ્યના નાગરીકોને સ્પર્શતી વ્યક્તિગત રજૂઆતોની સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજુઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે માલપુર ખાતે પ્રાંત કક્ષાનો તાલુકા વાઈઝ પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજવા રાજ્ય સરકારે ઠરાવેલ છે. જે અન્વયે માલપુર તાલુકાના સમાવિષ્ટ ગામોનો સેવાસેતુ કાર્યક્રમ તા. ૨૬-૫-૨૦૧૭, શુક્રવારના રોજ સવારે ૯ કલાકે પ્રાથમિક શાળા ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ૩૭૯૦ પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવ્યો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી બાયડ, મામલતદાર, તેમજ અન્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શક્તિપુરા કંપાથી દેવગઢકંપા સુધીના માર્ગને ડામરપટ્ટીથી જોડવા માંગ

ભિલોડા, તા. ૨૭

ઈડર તાલુકાના અંતરીયાળ કંપા જેવા કે શાંતિપુરા તેમજ દેવગઢકંપા આવેલા છે. જે વર્ષોથી પાકા ડામર રસ્તાઓથી વંચિત છે. ગત વર્ષે નેત્રામલીથી દેવગઢકંપા સુધીનું ડામર રોડ કામ પૂર્ણ કરવામાં આવ્યું. પણ દેવગઢ કંપાથી શાંતિપુરા કંપાનો માર્ગ આજ દિન સુધી બનાવેલ નથી. તેની આજુબાજુના ગામ હરાનપુરા, શેરપુર, ભદ્રેસર જેવા ગામોમાં જવા માટેનો આ ખૂબ ટુંકો રસ્તો છે. પરંતુ રસ્તાની ખરાબ હાલતથી ચાર કિલોમીટરનું અંતર દસ-બાર કિલોમીટર કાપીને જવું પડે છે. આજુબાજુના ગામના લોકો પણ ડામર રોડ બનાવવામાં આવે તેવુ ઈચ્છી રહ્યા છે. રસ્તાના લીધે કંપાઓનો વિકાસ રૂંધાઈ રહ્યો છે. સુવિધાઓથી વંચિત એવા કંપાઓ લોકો છોડીને જતા રહેવા પામ્યા છે. કાચા રસ્તાના અભાવે લોકો ઘણી તકલીફ પામી રહ્યા છે. જો સત્વરે આ રસ્તાનુ કામ પાકા ડામર રોડમાં રૂપાંતર કરવામાં આવે તો આ કંપાઓની આશા જીવંત બની રહે તેમ છે.

મહેસાણા ખાતે દ્વિ-દિવસીય એજ્યુકેશન એક્ષપોનું ઉદ્ઘઘાટન

મહેસાણા, તા. ૨૭

મહેસાણા આસોપાલવ પાર્ટી પ્લોટ ખાતે ટી.વી ૯ ચેનલ ગુજરાતી દ્વારા આયોજીત દ્વિ દિવસીય એજ્યુકેશન એક્ષપોનું ઉદ્ઘઘાટન નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે કરાયું હતું. આ એજ્યુકેશન એક્ષપોમાં વિવિધ વિશ્વ વિધાલયો, શૈક્ષણિક સંસ્થાઓ સહિત માર્ગદર્શન આપતી સંસ્થાઓએ ભાગ લીધો હતો.

એજ્યુકેશન એક્ષપો ઉદ્ઘઘાટન પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે એસ.એસ.સી. અને એચ.એસ.સી પછી ઉચ્ચ કારકિર્દી નિર્માણ માટે વિધાર્થીઓ અને વાલીઓ મુંઝવણ અનુભવતા હોય છે. આ સમયે આ પ્રકારના એજ્યુકેશન એક્ષપો થકી મહેસાણા જિલ્લા સહિત ઉત્તર ગુજરાતના વિધાર્થીઓને સચોટ માર્ગદર્શન મળી રહેનાર છે. આ એજ્યુકેશન એક્ષપોમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સહિત વિશ્વ વિધાલયો દ્વારા માર્ગદર્શન અપાઈ રહ્યું છે જેનો લાભ લેવા નાયબ મુખ્યમંત્રીએ વિધાર્થીઓ અને વાલીઓને અનુંરોધ કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે વધુમા જણાવ્યું હતુ કે ટીવી ૯ દ્વારા આયોજીત

એક્ષપોમાં વિવિધ સંસ્થાઓએ ઉત્સાહથી ભાગ લીધો છે જે આવકારદાયક છે. આ પ્રકારના એજ્યુકેશન એક્ષપો થકી વિધાર્થીઓ અને વાલીઓને ઉચ્ચ કારકિર્દી માટે નિર્ણય લેવામાં સરળતા થશે તેમ જણાવ્યું હતું.

આસોપાલવ પાર્ટી પ્લોટ ખાતે આયોજીત દ્વિ દિવસીય એજ્યુકેશન એક્ષપોમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, વિશ્વ વિધાલયો, મુક્ત વિશ્વ વિધાલયો ટેકનોલોજી સહિત એનીમેશન અને ડિઝાઈન આપતી સંસ્થાઓ દ્વારા વિશેષ માર્ગદર્શન અપાઈ રહ્યું છે.

આ ઉપરાંત આ એજ્યુકેશન એક્ષપોમાં માહિતી ખાતા દ્વારા સ્ટોલ ઉભો કરાયો છે. જેમાં સરકારની સિધ્ધીઓ અને યોજનાઓની માહિતી આપતી પેનલો મુકવામા આવી છે. માહિતી ખાતાના સ્ટોલ પર ગુજરાત રોજગાર સમાચાર અને ગુજરાત પાક્ષિકનુ લવાજમ સ્વીકારવા સહિત રાજ્ય સરકારની યોજનાઓ અને સિધ્ધીઓનું પ્રકાશનનુ વિતરણ કરવામાં આવી રહ્યું છે.

પ્રાંતિજ સ્વામિનારાયણ મંદિર ખાતે પાટોત્સવ યોજાયો

મંગળા આરતી, અભિષેક પૂજન, શણગાર આરતી, અન્નકુટ સહિત સત્સંગ સભા યોજાઈ : ગુજરાતમાંથી ૨૫ સંતો-મહંતો ઉપસ્થિતિ રહ્યાં

પ્રાંતિજ, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૩૦મો એક દિવસીય વાર્ષિક પાટોત્સવ યોજાયો હતો.

પ્રાંતિજ બજારચોક વિસ્તારમાં આવેલ પ્રાચિન ભગવાન શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે બિરાજમાન શ્રી ધર્મ-ભકિત હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકુષ્ણદેવ તથા મહાપ્રતાપી શ્રી ધનશ્યામ મહારાજનો ૧૩૦મો વાર્ષિક પાટોત્સવ તા.૨૭-૫-૨૦૧૭ને શનિવારના રોજ યોજાયો હતો. જેમાં મંદિરના મહંત પ્રાણજીવનદાસજી, સ્વામી ગોપાલજીવનદાસજી તથા મંદિરના પ્રમુખ કનુભાઈ પંડ્યા તથા મંદિર ટ્રસ્ટી મંડળ તથા નવલસિંહ કે. વાઘેલા દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જયારે સવારે મંગળા આરતી, અભિષેક પૂજા, શણગાર આરતી તથા અન્નકુટ ભરવામાં આવ્યો હતો.

જ્યારે ગુજરાતમાં આવેલ સ્વામિનારાયણ મંદિરોમાંથી ૨૫ જેટલા મંદિરોના મહંત સ્વામીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતા. જ્યારે મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા આ પ્રસંગે ઉપસ્થિત મહંત સ્વામીઓને ફૂલહાર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું જ્યારે ઉપસ્થિત સંતો દ્વારા સત્સંગની સાથે આશીર્વચન પાઠવ્યા હતા અને પ્રાંતિજ સહિત તાલુકામાંથી હરિભક્તો ઉપસ્થિત રહીને દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.

બાપુનગરમાં ઝીકા વાયરસના ૩ કેસથી ખળભળાટ

ખતરનાક ઝીકા વાયરસે ભારતમાં પ્રથમવાર દેખા દીધી : ત્રણ કેસ સપાટી પર આવતા સમગ્ર રાજ્ય અને કેન્દ્રીય આરોગ્ય વિભાગના અધિકારીઓ હરકતમાં આવ્યા : વિશ્વ આરોગ્ય સંસ્થા હુ દ્વારા કેસોને સમર્થન

અમદાવાદ, તા.૨૭

ઘણા ખતરનાક ગણાતા એવા ઝીકા વાયરસે ભારતમાં સૌપ્રથમવાર દેખા દીધી છે. સૌથી ચોંકાવનારી અને આઘાતજનક વાત તો એ છે કે, ઝીકા વાયરસના ત્રણેય કેસ અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં નોંધાયા છે, જેને પગલે રાજયનું આરોગ્ય અને વહીવટતંત્ર દોડતું થઈ ગયું છે. બીજીબાજુ, દેશમાં પહેલીવાર ઝીકા વાયરસે દેખા દેતાં દેશના આરોગ્ય વિભાગ અને તંત્ર હરકતમાં આવી ગયું છે. ધ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન(હુ) સંસ્થા દ્વારા પણ અમદાવાદમા નોંધાયેલા આ ત્રણ કેસ ઝીકા વાયરસ હોવાની પુષ્ટિ કરાઈ છે. કેન્દ્રના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા જણાવાયું છે કે, સૌપ્રથમ અમદાવાદની

બી.જે.મેડિકલ કોલેજમાં આરટી-પીસીઆર ટેસ્ટમાં ત્રણેય કેસ ઝીકા વાયરસનું હોવાનું સામે આવ્યું છે. ત્યારબાદ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ વિરોલોજી (એનઆઈવી) ખાતે પણ તેની તપાસ કરાઈ હતી. આખરે ધ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનમાંથી કન્ફર્મેશન મેળવવામાં આવ્યું હતું. જે પરથી સ્પષ્ટ થયું હતું કે, બાપુનગરના ત્રણેય કેસો જે સામે આવ્યા તે ઝીકા વાયરસના છે. ઝીકા વાયરસનો ફેલાવો એડિસ મચ્છરના કરડવાથી થાય છે. આ એ જ મચ્છર છે, જે ચીકનગુનિયા, ડેન્ગ્યુ અને યલો ફિવર માટે જવાબદાર મનાય છે. તેની ઉત્પતિ યુગાન્ડમાં રેસસ જાતિના વાંદરામાંથી વર્ષ ૧૯૭૪માં સૌપ્રથમવાર જોવા મળી હતી. થોડા સમય પહેલાં જ જીનીવા ખાતે મળેલી વિશ્વ આરોગ્ય સંસ્થા(હુ)ની બેઠકમાં ઝીકા વાયરસને વૈશ્વિક આરોગ્ય કટોકટી જાહેર કરાઈ હતી. આ વાયરસના લક્ષણો પણ ડેન્ગ્યુ જેવા છે કે જેમાં વ્યકિતને તાવ આવે, સાંધામા દુખાવો થવો, માથુ દુખવું, ચામડી પર ફોલ્લીઓ થવી, બેચેની રહેવી..વગેરે.. આ વાયરસની મુખ્ય અસર મુખ્યત્વે ગર્ભવતી મહિલાઓ પર વધુ પડે છે, જેના કારણે બાળક જન્મતાની સાથે આકારમાં ખોડખાંપણ આવે છે. આ વાયરસની કોઈ ચોક્કસ દવા કે રસી હજુ સુધી શોધી શકાઈ નથી.

પાલનપુર મુકામે ૧૧૩.૬૨ કરોડના ખર્ચે નિર્માણ થનાર નવીન આઈકોનીક બસપોર્ટનું ખાતમુહૂર્ત

પાલનપુર, તા. ૨૭

પાલનપુર મુકામે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા કુલ રૂ. ૧૧૩.૬૨ કરોડના ખર્ચથી પી.પી.પી.ના ધોરણે નિર્માણ થનાર નવીન આઈકોનીક બસપોર્ટનું શ્રમ અને રોજગાર તથા દેવસ્થાપન અને યાત્રાધામ વિકાસ વિભાગના મંત્રી અને બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રી દિલીપકુમાર ઠાકોર, વાહન વ્યવહાર રાજ્યમંત્રી વલ્લભભાઈ કાકડીયા તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને શહેરી વિકાસ રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રમ અને રોજગાર તથા દેવસ્થાપન અને યાત્રાધામ વિકાસ વિભાગના મંત્રી દિલીપકુમાર ઠાકોરે પ્રાસંગીક પ્રવચન કરતા જણાવ્યું કે ભૂતકાળમાં ઘણા બોર્ડ અને નિગમોની પરિસ્થિતિ બહુ વિકટ હતી પરંતુ રાજ્ય સરકારના ઉદાર સહયોગ અને પારદર્શક વહીવટને લીધે બોર્ડ, નિગમોની પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. તેમણે કહ્યું કે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને સરકાર દ્વારા દર વર્ષે ૧૬૦૦થી વધુ નવી બસો આપવામાં આવે છે. પરિણામે યાત્રિકોને સારી સુવિધા મળે છે.

સમુહ લગ્નના માધ્યમથી સદભાવની ભાવના વધી : રૂપાણી

અમદાવાદ, તા.૨૭

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વલસાડ જિલ્લાના ધમડાચી ખાતે નવપરિણિત દંપતિઓને આશીર્વચન આપતા, તેમના માટે હવે ઘર પરિવાર, સમાજ અને રાષ્ટ્રની જવાબદારી વહન કરવાની સોનેરી ઘડી આવી ગઈ છે તેમ જણાવ્યું હતું. મેંગો સીટી વલસાડને અડીને આવેલા ધમડાચી ગામે સર્વજ્ઞાતિ સમુહલગ્ન કમિટી તથામાં વૈષ્ણોદેવી મંદિરધામ ટ્રસ્ટના ઉપક્રમે યોજાયેલા તૃતિય સમુહલગ્ન સમારોહમાં વરવધુને આશીર્વચન આપવા આવેલા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ લખપતિ સાજણ બેઠુ માંડવે લગ્નગીતની પંક્તિઓ સાથે વલસાડ જિલ્લાના જુદા જુદા ૧૮ સમાજોના વરવધુઓના યોજાયેલા સામુહિક લગ્નપ્રસંગના આયોજન બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. સમુહલગ્ન એ સાંપ્રત સમયની આવશ્યકતા છે તેમ જણાવી

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એકસાથે અનેક નવદંપતિઓના ઘર વસાવવાનો અને એકસાથે અનેક દિકરીઓના કન્યાદાનનો અવસર પ્રાપ્ત થાય છે, જેને કારણે પરસ્પર સામાજિક સદ્ભાવ અને સંગઠનની ભાવના વધુ બળવત્તર બને છે તેમ જણાવ્યું છે. આ સમુહલગ્નમાં નવપરિણિત યુગલો ૧. મોગરાવાડીના વિશાલકુમાર નરોત્તમભાઈ પટેલ અને આંધીયાવાડની પુષ્પાબેન પ્રજ્ઞેશભાઈ પટેલ ૨. હિંગરાજના વસંતભાઈ ઈશ્વરભાઈ ટંડેલ અને અટગામની કિન્નરીબેન રાજુભાઈ પટેલ તથા ૩. મેહના દિવ્યેશભાઈ હરીભાઈ પટેલ અને ગાડરીયાની અસ્મીતાબેન વિનોદભાઈ પટેલ પૈકીના બે દિવ્યાંગ યુગલોને મુખ્યમંત્રીએ સમિયાણામાં જઈ તેમની સાથે સંવાદ સાધી આશીર્વચન પાઠવ્યા હતા.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી આત્મારામભાઈ પરમારે, આયોજકોને સેવાકાર્ય બદલ અભિનંદન અને ૧૨૩ નવપરિણિત યુગલોને શુભકામના પાઠવી સરકારની વિવિધ સામાજિક યોજનાઓના લાભ સાથે, સતત ત્રીજા વર્ષે અહીં યોજાઈ રહેલા સમુહલગ્નના સામાજિક કાર્યમાં યોગદાન આપનારા દાતાઓ, સમાજશ્રેષ્ઠીઓને બિરદાવ્યા હતા.

ઠાર કર્યા

● અનુસંધાન પાન-૭નું ચાલુ

નોર્ધન કમાનના ડિફેન્સ પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું હતું કે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. રમજાનના પવિત્ર મહિનામાં જમ્મુ-કાશ્મીરમાં આતંક ફેલાવવાના પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે. રામપુર સેકટરમાં ચાર ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતા. જ્યારે તે પહેલા પુલવામા જિલ્લામાં શુક્રવારે મોડી રાત્રે ત્રણ ત્રાસવાદીઓને ઠાર કરાયા હતા. અન્યત્ર ત્રણ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. જુદા જુદા ઓપરેશનો હાલમાં ચાલી રહ્યા છે. હાલમાં જ સ્થાનિક લોકોની મદદથી ખૂંખાર ત્રાસવાદી દુજાના ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. સેના પ્રમુખ બીપીન રાવત સાફ શબ્દોમાં કહી ચુક્યા છે કે પથ્થરબાજી કરનાર અને ત્રાસવાદીઓને મદદ કરનારને છોડવામાં આવશે નહીં. શુક્રવારે મોડી રાત્રે પણ જમ્મુ કાશ્મીરના પુલવામાં જિલ્લામાં પણ સેનાએ હુમલો કરવામાં આવ્યા બાદ જવાબી કાર્યવાહી કરતા ત્રણ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. એકાએક ઘુસણખોરીના પ્રયાસ વધારી દેવામાં આવ્યા છે. આનો મતલબ એ છે કે ત્રાસવાદીઓને મોટા પાયે ભારતમાં હુમલા કરવા માટે કહેવાં આવ્યુ છે. દરરોજ ઘુસણખોરીના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સેનાના અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે આજે વહેલી સવારે ત્રાસવાદીઓની અવરજવરને નિહાળવામાં આવ્યા બાદ ભારતીય સેનાએ તેમને શરણાગતિ સ્વીકારી લેવા માટે પડકાર ફેંકયો હતો. પરંતુ ત્રાસવાદીઓએ જવાનો પર ગોળીબાર કર્યો હતો. જવાબી કાર્યવાહી કરવામાં આવતા ચાર ત્રાસવાદીઓ ઠાર થઈ ગયા હતા. એમ માનવામાં આવે છે કે આ વિસ્તારમાં વધારે ત્રાસવાદીઓ હોઈ શકે છે જેથી સર્ચ ઓપરેશનની કાર્યવાહી ચાલી રહી છે. હાલમાં અબુ દુજાનાને શોધી કાઢવા માટે મોટા પાયે લશ્કરી ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. ત્રાસવાદી સંગઠનો હાલમાં ભારતમાં કોઈ પણ રીતે મોટા પાયે હુમલા કરવાની તૈયારી કરી રહ્યા છે. જેના ભાગરૂપે ગઈકાલે જ હેવાલ આવ્યા હતા કે ૨૧ જેટલા ત્રાસવાદીઓ દેશમાં ઘુસણખોરી કરી ગયા છે.

પરિણામ

● અનુસંધાન છેલ્લાનું ચડલુ

કાર્યવાહીને લઈને ડીઈઓ દ્વારા તા.૨૯મીએ જ એટલે કે, ધો-૧૦ના પરિણામના દિવસે જ આચાર્યોની એક મહત્વની બેઠક બોલાવાઈ છે, જેમાં પ્રવેશની રૂપરેખા નક્કી કરાશે. ધોરણ-૧૦નું પરિણામ જાહેર થયા બાદ અમદાવાદ શહેર ડીઈઓ અને ગ્રામ્ય ડીઈઓ કચેરી દ્વારા સંયુકત રીતે ધોરણ-૧૧ સાયન્સની પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. ધોરણ-૧૧ સાયન્સમાં વર્ષોથી સેન્ટ્રલાઈઝ્ડ પધ્ધતિથી જ પ્રવેશ ફાળવવામાં આવે છે અને તે જ રીતે આ વખતે પણ કેન્દ્રીય પધ્ધતિ મુજબ પ્રવેશની ફાળવણી થશે. અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલી તમામ સાયન્સની સ્કૂલો માટે એક સાથે જ પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે. ધો-૧૧ સાયન્સની પ્રવેશ કાર્યવાહીને લઈ ડીઈઓ દ્વારા ધો-૧૦ના પરિણામના દિવસે જ જે બેઠક બોલાવાઈ છે, તેમાં આચાર્યોને પ્રવેશ અંગેની સમજણ અને સૂચનો જારી કરાશે. ત્યારબાદ વિગતવાર પ્રવેશ કાર્યક્રમ જાહેર કરાશે. ધો-૧૦નું પરિણામ જાહેર થયાના બીજા દિવસથી એટલે કે, તા.૩૦મી મેથી સાયન્સ સ્કૂલોની પ્રવેશ પ્રક્રિયા શરૂ થશે. જેમાં સ્કૂલોએ સૌપ્રથમ પોતાના વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાનો રહેશે. ત્યારબાદ અન્ય સ્કૂલના વિદ્યાર્થીઓ માટે મેરિટલીસ્ટ બહાર પાડવાનું રહેશે. ત્રણ રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી બાદ અનામત કેટેગરીની પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે.

મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

વચનો અને આશ્વાસનો આપવાનું તાત્કાલિક શીખી લેવું પણ અત્યંત જરૂરી છે. કેમ કે ડગલે ને પગલે ખોટું બોલવાની સ્થિતિ રાજનીતિમાં આવતી હોય છે. જેનાથી ખુબ મોટી સફળતા પણ ક્યારેક મળી જતી હોય છે. ... આમ આવી રીતે માત્ર ૨૦/૨૫ લાખના રોકાણમાં યુવા નેતા બની શકાય છે. અને જો કોઈ બોર્ડ નિગમમાં કે અન્ય કોઈ સારી જગ્યાએ ખુરશી મળી ગઈ તો ૨૦/૨૫ લાખના રોકાણ સામે એના હજાર ગણા પાછા મળવાના છે. વળી એક વાર સફળતા મળી ગયા પછી આવનારી સાત પેઢી સુધી કોઈને કશું ય કરવાની જરૂર પણ નહી પડે. અને વળી જો એક વખત તમે તમારી આ નેતાગીરીની યોજનામાં સફળ થઈ ગયા તો આ નેતાગીરી તમારી સાત પેઢીની સંપતિ પણ બની જશે. અને તમારા પછી કોઈને રૂપિયાનું રોકાણ કે કોઈની જી-હજૂરી કે કશું જ નહી કરવું પડે, લોકો જ તમને અને તમારા સંતાનોને ખુરશી પર બેસાડતા જશે. તમારા ગુણગાન ગાતા જશે. ભલે તમે સાવ અજ્ઞાની હશો પણ તમારા કાર્યકર્તાઓ, ભક્તો, ચાહકો અને પક્ષમાં નવા જોડાયેલા યુવાનો ચારેતરફ તમારી જયજયકાર બોલાવશે. — જય જય ગરવી ગુજરાત. મેરા ભારત મહાન.

-9426060601.india@gmail.com

રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

...શરાબની લત ગણો કે ચાહતના મરીઝસાહેબ કાયલ હતા પણ એમની નિખાલસતા કે મરીઝે પોતાની શરાબખોરીને ક્યારે ય છુપાવી નથી કે નથી પોતાની લાચારીની કોઈ ફરિયાદો કરી. ઊલટું તેઓ લખે છે- 'કિસ્મતને હથેળીમાં હંમેશાં રાખો, ચહેરા પર એની ન રેખા રાખો,દેવાને દિલાસો કોઈ હિંમત ના કરે, દુ:ખ-દર્દમાં પણ એવી પ્રતિભા રાખો.' આનીખાલાસ્તા જ મરીઝની કવિતાનો ઉત્કૃષ્ટ ગુણ હતો, પોતે જેવા હતા એવા જ દેખાવમાં માનતા અને જેવી પરીશ્થીતીમાં હતા એ ક્યારેય છુપાવતા નહિ. કોઈ ફરિયાદો નહીં, કોઈ રોદણાં નહીં, માત્ર સહજતા, સરળતા, નિખાલસતા અને એ પણ કલાની ઉત્કૃષ્ટ, બેમિસાલ અભિવ્યક્તિ સાથે. મરીઝ શાયરીનો ઉત્તમ વારસો આપણને સોંપતા ગયા છે ભલે મરીઝની કદર થવી હોય એટલી જે તે સમયે કદાચ નથી થઈ છતાં પણ મરીઝની આભા અને મરીઝની ચાહ સાહિત્ય શોખીનોમાં યથાવત છે અને રહેશે એ હકીકત છે, જેમ મરીઝ કહી ગયા છે કે 'થયું મોડું છતાં ય કામ થયું, સૌના મોઢામાં રામ રામ થયું, સઘળા સદગત મને કહે છે મરીઝ, ચાલો મૃત્યુ પછી તો નામ થયું...!'

akurjt@gmail.com

વન્યસૃષ્ટિ...

● ૪ પાનાનું ચાલુ...

મચ્છીમારીની નેટ, લાઈન તથા અન્ય પ્લાસ્ટિક કચરામાં ઘણી સીલ અને સી લાયન ફસાઈ જવાથી મૃત્યુ પામે છે. વ્હેલ અને ડોલ્ફીન જેવા સસ્તન પ્રાણીઓ અજાણતાં જ પ્લાસ્ટિક કચરાને - ભાગોને ગળી જાય છે અને આવા ભાગો તેમના શરીરમાં ફસાઈ રહે છે. આંતરિક પાચન અંગોને નુકશાન પહોંચાડે છે. આજે પૃથ્વીના તમામ ભાગો પ્રદૂષણની અસર હેઠળ છે. જમીન ભાગો ઉપરાંત દરિયાઈ ભાગો પર દૂષિત થઈ ચૂક્યા છે. આવા દરિયાઈ પ્રદૂષણને અટકાવવું હવે અસંભવ થઈ ગયું છે તેમ કહીએ તો ખોટું નથી અને આ કારણે આપણે આપણી દરિયાઈ જીવસૃષ્ટિ પણ હેઠળ આવી ચુકી છે.